


## બોલિવૂડમાં બળેવની ધામધૂમથી ઉજવણી



દેશભરમાં રક્ષાબંધનનો તહેવાર ભારે હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવી રહ્યો છે, ત્યારે બોલિવૂડ સેલેબ્રિટીઝ પણ આ પવિત્ર પર્વને ઉત્સાહપૂર્વક ઉજવી રહ્યા છે. કંગના રનૌત, પ્રીતિ ઝિંટા અને જેનિલિયા ડિસુઝા સહિતના કલાકારોએ સોશિયલ મીડિયા પર ઉજવણીની ખાસ તસવીરો અને વીડિયો શેર કર્યા છે. અભિનેત્રી પ્રીતિ ઝિંટાએ સોશિયલ મીડિયા પર પોતાના ભાઈઓ સાથે તસવીર શેર કરીને ચાહકોને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે પોતાના ભાઈઓને 'પાર્ટનર્સ ઈન ક્રાઈમ' ગણાવતા લખ્યું કે, જીવનના દરેક ઉતાર-ચઢાવમાં સાથ આપનારા ભાઈઓ પ્રત્યેનો પ્રેમ અપ્રમેય છે. ભાજપના સાંસદ અને અભિનેત્રી કંગના રનૌતે પોતાના ભાઈ સાથે રક્ષાબંધનની ઉજવણી કરી હતી. તસવીર શેર કરતા તેમણે ભાઈના ઉત્તમ સ્વાસ્થ્ય, સમૃદ્ધિ અને ખુશહાલ જીવનની કામના કરી હતી તેમજ ભાઈ-બહેનના સંબંધનું મહત્વ દર્શાવ્યું હતું. અભિનેત્રી જેનિલિયા ડિસુઝાએ પોતાના ભાઈ સાથેનો એક ક્યુટ અને રમૂજી નોકઝોંકવાળો વીડિયો શેર કર્યો હતો. તેમણે ભાઈ માટે લખ્યું કે, "હું હંમેશા અને દરેક પરિસ્થિતિમાં તારી સાથે ઊભી રહીશ."

## સલમાન ખાને રક્ષાબંધન પર બહેન અલવિરાના ઘરે બાંધેલી રંગબેરંગી રાખડીઓ દર્શાવી




મુંબઈ, તા. 28 બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાને મુંબઈમાં પોતાની બહેન અલવિરા ખાન અગ્નિહોત્રીના ઘરે પરિવાર સાથે રક્ષાબંધનની ધામધૂમથી ઉજવણી કરી હતી. ઉજવણી બાદ બહાર આવતા જ સલમાને પોતાના હાથમાં બાંધેલી રંગબેરંગી રાખડીઓ અને કપાળ પર તિલક સાથે પાપારાઝી સમક્ષ ખાસ અંદાજમાં પોઝ આપ્યા હતા. મરૂન ટી-શર્ટ, બ્લુ ડેનિમ્સ અને કાઉબોય હેટમાં સજ્જ સલમાને મિડિયાના કહેવા પર પ્રેમથી પોતાની રાખડીઓ બતાવી હતી. ખાન પરિવાર દર વર્ષે અલવિરાના ઘરે એકઠો થઈને આ તહેવાર ઉજવે છે. આ પ્રસંગે હેલન અને નિર્વાણ ખાન સહિત પરિવારના અન્ય સભ્યો પણ હાજર રહ્યા હતા.

## અભિજીત દીપકેની 'કોકરોચ' થીમ આધારિત રાખડી



કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સ્થાપક અભિનેતા અને કાર્યકર અભિજીત દીપકે શુક્રવારે અનોખી રીતે રક્ષાબંધનની ઉજવણી કરી હતી. તેમણે સોશિયલ મીડિયા પર પોતાના કાંડા પર બાંધેલી કોકરોચના આકારની રાખડીની તસવીરો શેર કરી હતી, જેના પર "રાખડી અને રાજીનામું મુબારક" લખાયેલું હતું. NEET પરીક્ષામાં થયેલી કથિત ગડબડીઓ સામે દિલ્હીના જંતર-મંતર પર 36 દિવસ સુધી ચાલેલા યુવા આંદોલન બાદ તત્કાલીન કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું પડ્યું હતું. આ આંદોલનની સફળતાને યાદ કરતા તેમણે આ ખાસ રાખડી બાંધી હતી. ઉલ્લેખનીય છે કે મે મહિનામાં સર્વોચ્ચ અદાલતના ચીફ જસ્ટિસ સૂર્ય કાંતે ન્યાયતંત્ર પર થતા હુમલાઓ અંગે એક સુનાવણી દરમિયાન "કોકરોચ" શબ્દનો ઉપયોગ કર્યો હતો, જેના પરથી પ્રેરણા લઈને જનરેશન-ઝેડ (Gen-Z) જૂથે આ સંગઠનની સ્થાપના કરી હતી.

## મનોજ બાજપેયીનું રિયલ એસ્ટેટમાં નવું રોકાણ: પુણે નજીક 1.37 કરોડમાં 4.45 એકર જમીન ખરીદી



મુંબઈ, તા. 28 : પ્રખ્યાત બોલિવૂડ અભિનેતા મનોજ બાજપેયીએ રિયલ એસ્ટેટ પોર્ટફોલિયોમાં ઉમેરો કરતાં પુણે જિલ્લાના મૂળશી તાલુકામાં આવેલા તૈલ બૈલા ગામમાં 4.45 એકર (1.80 હેક્ટર) જમીન 1.37 કરોડમાં ખરીદી છે. રજિસ્ટ્રેશન દસ્તાવેજો અનુસાર, તેમણે ઓગસ્ટ 25ના રોજ આ સોદો પૂર્ણ કર્યો હતો અને 6.87 લાખ સ્ટેમ્પ ડ્યુટી ચૂકવી હતી, જે પ્રતિ એકર આશરે 30.9 લાખનો ભાવ દર્શાવે છે. તૈલ બૈલા ગામ પોતાના ઐતિહાસિક કિલ્લા અને રોક ક્લાઇમ્બિંગ માટે પ્રખ્યાત છે. તે મુંબઈ અને પુણે બંને શહેરોથી નજીક છે. આ અગાઉ એપ્રિલમાં મનોજ બાજપેયીએ મુંબઈના અંધેરી વેસ્ટમાં પોતાના બે કોમર્શિયલ ઓફિસ યુનિટ્સ 10.94 લાખના માસિક ભાડા પર આપ્યા હતા.

## કંગના રનૌત અને બાબા રામદેવ વચ્ચેનો વિવાદ ઉકેલાયો



અભિનેત્રી તથા ભાજપ સાંસદ કંગના રનૌત અને યોગગુરુ બાબા રામદેવે રક્ષાબંધનના પવિત્ર અવસરે પોતપોતાનો જાહેરમાં ચાલી રહેલો વિવાદ પૂરો કર્યો છે. બાબા રામદેવે કંગનાને "શ્રદ્ધામયી બહેન" ગણાવીને મિઠાઈ મોકલી હતી અને દેશમાં નફરત કે વૈરભાવ ન રાખતાં વિવાદનો અંત સંવાદથી લાવવા અપીલ કરી હતી. કંગનાએ આ ભેટનો સ્વીકાર કરતા ઇન્સ્ટાગ્રામ પર લખ્યું કે તહેવારો ભૂલો માફ કરવા માટે જ હોય છે. તેણે બાબા રામદેવને પોતાના મોટા ભાઈ ગણાવી તેમના પ્રેમ અને મિઠાઈનો સ્વીકાર કરીને તેમના દીર્ઘાયુની પ્રાર્થના કરી હતી.





# શાળાની બાળકીઓએ મોદીને રાખડી બાંધી

**દર** વર્ષની પરંપરા મુજબ નાનકડી વિદ્યાર્થિનીઓએ વડાપ્રધાન આવાસ જઇને રાખડી બાંધી મોદી બાળકીઓ સાથે હાથ મિલાવતા અને 'હાઈ-ફાઈવ' કરતા જોવા મળ્યા

**મોદીએ** આ પ્રસંગના ફોટા અને વીડિયો શેર કર્યા, દેશની રક્ષાબંધનની શુભકામના પાઠવી

નવી દિલ્હી, તા. 28(પીટીઆઈ): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે લોકોને રક્ષાબંધનની શુભેચ્છાઓ પાઠવી હતી અને આ પવિત્ર તહેવાર દરેકના જીવનમાં સુખ, સમૃદ્ધિ અને સફળતા લાવે તેવી આશા વ્યક્ત કરી હતી.

વાર્ષિક પરંપરાને ચાલુ રાખતા, શાળાની વિદ્યાર્થીનીઓએ 7, લોક કલ્યાણ માર્ગ સ્થિત વડાપ્રધાનના સત્તાવાર નિવાસસ્થાનની મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે તેમની કલાઈ પર 'રાખી' બાંધી હતી. વડાપ્રધાને ઈન્સ્ટાગ્રામ પર બાળકો તેમને રાખી બાંધતા હોય તેવા ફોટા અને વીડિયો શેર કર્યા હતા. વીડિયોમાં તેઓ નાના મુલાકાતીઓ સાથે ઉષ્માભર્યો સંવાદ કરતા, હાથ મિલાવતા અને 'હાઈ-ફાઈવ' કરતા જોવા મળ્યા હતા.

મોદીએ હિન્દીમાં X પોસ્ટમાં લખ્યું, "રક્ષાબંધનની હાર્દિક શુભેચ્છાઓ. આ પવિત્ર તહેવાર તમારા સૌના જીવનમાં સુખ, સમૃદ્ધિ અને સફળતા લાવે."

તેમણે બાળકો સાથેની તેમની મુલાકાત વિશે લખ્યું, આજના ૭, એલ.કે.એમ. ખાતેના રક્ષાબંધનની ઉજવણી દરમિયાન હાઈ-ફાઈવ્સ, સ્માઈલ્સ અને ઘણું બધું. બાળકોમાંથી એક બાળકે વડાપ્રધાનને પૂછ્યું કે તેમના બાળપણનું સ્વપ્ન શું હતું. મોદીએ જવાબ આપ્યો, તમારા બધાને મળવાનું.



બિલાસપુર એરપોર્ટ પર

# એલાયન્સ એર ફ્લાઇટનું લેન્ડિંગ વખતે ટાયર ફાટ્યું

**તમામ** 41 મુસાફરો સુરક્ષિત

બિલાસપુર, તા. 28 : દિલ્હીથી છત્તીસગઢના બિલાસપુર આવી રહેલી એલાયન્સ એરની ફ્લાઇટનું શુક્રવારે સવારે બિલાસપુર એરપોર્ટ પર લેન્ડિંગ વખતે ટાયર ફાટી જવાની ઘટના સામે આવી છે. જોકે, રાહતના સમાચાર એ છે કે ફ્લાઇટમાં સવાર તમામ 41 લોકોનો આબાદ બચાવ થયો છે અને તેમને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા છે.

એરલાઇનના અધિકારીના જણાવ્યા અનુસાર, ફ્લાઇટ નંબર 91613 સવારે આશરે 11 વાગ્યે બિલાસપુર એરપોર્ટ પર લેન્ડ કરી રહી હતી ત્યારે તેનો ડાબી તરફનો ટાયર પંચર થઈ ગયો હતો. વિમાનમાં 37 મુસાફરો અને 4 ક્રૂ મેમ્બર્સ સવાર હતા.

ઘટના બનતા જ તમામ મુસાફરો અને ક્રૂ સભ્યોને રનવે પરથી સુરક્ષિત રીતે બહાર કાઢીને ટર્મિનલ બિલ્ડિંગમાં લઈ જવામાં આવ્યા હતા. આ ટેકનિકલ ખામી બાદ એરલાઇને બિલાસપુરથી આગળની તેની નિર્ધારિત ફ્લાઇટ સેવા રદ કરી દીધી છે.

# કૃત્રિમ તંગી નિવારવા સપ્ટેમ્બરથી ખાંડ મિલોને પખવાડીક વેચાણ ક્વોટા ફાળવાશે

**હાલમાં** ખાંડ મિલોને સરકાર માસિક વેચાણ ક્વોટા ફાળવે છે

**કેટલીક** મિલ સંગ્રહખોરી કરતી જણાઇ છે

નવી દિલ્હી, 28 ઓગસ્ટ (PTI): સરકારે શુક્રવારે જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક દિવસોમાં એક્સ-મિલ દર આશરે 20 ટકા ઘટવાને કારણે ખાંડના છૂટક ભાવમાં ઘટાડો થવા લાગ્યો છે અને બજારમાં સરળ પુરવઠો સુનિશ્ચિત કરવા તથા કૃત્રિમ તંગી અટકાવવા માટે સપ્ટેમ્બરથી મિલો માટે પખવાડિયાના ધોરણે વેચાણનો કોટા ફાળવવાની જાહેરાત કરી છે.

હાલમાં ખાદ્ય મંત્રાલય મિલોને ખાંડના વેચાણ માટે માસિક કોટા ફાળવે છે. એક સત્તાવાર નિવેદનમાં ખાદ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે તે ખાંડની ઉપલબ્ધતા અને કિંમતો પર નજીકથી નજર રાખી રહ્યું છે, સાથે જ એવો દાવો કર્યો છે કે ભારતમાં ખાંડની કોઈ જ અછત નથી.

મંત્રાલયે જણાવ્યું હતું કે તેણે ખાંડની મિલો પર સ્ટોકની ભૌતિક ચકાસણી હાથ ધરી હતી અને આ તપાસમાં બહાર આવ્યું હતું કે કેટલીક મિલો માસિક રિટર્નમાં જાહેર કર્યા કરતા વધુ સ્ટોક ધરાવતી હતી, જ્યારે કેટલીક મિલોએ તેમના માસિક ફાળવણી કરતાં ઓછો સ્ટોક વેચ્યો હતો. નિવેદનમાં જણાવાયું છે કે, "સરકારે એ પણ નોંધ્યું છે કે અમુક કિસ્સાઓમાં, મહિનાની શરૂઆતમાં મિલો દ્વારા વેચવામાં આવેલી ખાંડ માત્ર મહિનાના અંત તરફ જ ખરીદદારો દ્વારા મોકલવામાં આવતી હતી અથવા ઉપાડવામાં આવતી હતી. આ પ્રથાને કારણે બજારમાં કૃત્રિમ અછત ઊભી થઈ હતી." આ સમસ્યાના નિરાકરણ માટે, સરકારે વર્તમાન માસિક કોટા પ્રણાલીને બદલીને સપ્ટેમ્બરથી પખવાડિયાના ધોરણે ખાંડ ફાળવણી પ્રણાલી શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

પખવાડિયાના કોટા હેઠળ, મિલોએ ફાળવણીના ઓછામાં ઓછા 40 ટકા ભાગનું પ્રથમ અઠવાડિયામાં અને બાકીના જથ્થાનું તે પછીના અઠવાડિયામાં વેચાણ કરવું પડશે. આ નવા પગલાના ફાયદાઓ વિશે ટિપ્પણી કરતા મંત્રાલયે જણાવ્યું હતું કે તે માંગ અને પુરવઠાની સ્થિતિ પર નજર રાખવામાં, બજારની સ્થિતિમાં થતા ફેરફારો સામે ઝડપથી પ્રતિક્રિયા આપવામાં અને કૃત્રિમ અછત અટકાવવામાં મદદ કરશે. જો બજારમાં પૂરતી ઉપલબ્ધતા જાળવી રાખવા માટે જરૂરી હોય તો તે વધારાનો સ્ટોક પણ બહાર પાડી શકે છે.









# નેપાળે મદદ નકારી?

**નેપાળે** આંતરરાષ્ટ્રીય મદદ નકારી હોવાનો કર્યો ઇનકાર

**"સ્થાનિક** ભૂપ્રદેશ અને ક્ષમતાને પ્રાથમિકતા અપાઈ"

**વાહનવ્યવહાર** પૂર્વવત કરવા ભારત-ચીન પાસે 42 બેઈલી બ્રિજ માંગ્યા

કાઠમંડુ, તા. 26: નેપાળમાં બુધવારે આવેલા વિનાશક પૂર અને ભૂસ્ખલન બાદ રાહત તથા બચાવ કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. આ દરમિયાન આંતરરાષ્ટ્રીય સમુદાયની મદદ સ્વીકારવાનો ઈનકાર કરાયો હોવાના અહેવાલો વચ્ચે નેપાળ સરકારે શુક્રવારે સ્પષ્ટતા કરી છે કે તેમણે કોઈ મદદ નકારી નથી, પરંતુ સ્થાનિક ભૌગોલિક પરિસ્થિતિથી માહિતગાર પોતાના જ સુરક્ષા દળોને પ્રાથમિકતા આપી છે.

નેપાળના વિદેશ મંત્રી શિશિર ખનાલે રાષ્ટ્રીય સમાચાર સંસ્થા (RSS) સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે, ભારત સહિત અનેક મિત્ર દેશોએ મદદની ઓફર કરી હતી. "અમે આંતરરાષ્ટ્રીય મદદનો ઈનકાર કર્યો નથી. શરૂઆતી તબક્કામાં નેપાળ આર્મી, નેપાળ પોલીસ અને આર્મ્ડ પોલીસ ફોર્સ સ્થાનિક પહાડી અને વિષમ ભૂપ્રદેશથી ટેવાયેલા હોવાથી તેમના મહત્તમ ઉપયોગને પ્રાથમિકતા આપવામાં આવી છે."રસ્તાઓ અને વાહનોની અવરજવર પુનઃશરૂ કરવા માટે નેપાળ સરકારે તેના પાડોશી દેશો ભારત અને ચીન પાસે 42 બેઈલી બ્રિજ (Bailey bridges) ની સહાય માંગી છે. આ પોર્ટેબલ પુલ ભારે મશીનરી વગર ઝડપથી એસેમ્બલ કરી શકાય છે.

# નેપાળમાં પૂરના રૌદ્ર રૂપ સામે લીલું મકાન અડીખમ રહ્યું

**આસપાસ** બધું તણાઈ ગયું ત્યારે આ મકાન બચી ગયું



નેપાળમાં ગ્લેશિયર તૂટવાથી આવેલા વિનાશક પૂર વચ્ચે એક આશ્ચર્યજનક ઘટના સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. એક તરફ જ્યાં આસપાસના તમામ મકાનો અને કાટમાળ પાણીના તીવ્ર પ્રવાહમાં તણાઈ ગયા, ત્યાં જ લીલા રંગનું એક નાનું મકાન પૂરની વચ્ચે અડીખમ ઊભું રહ્યું. વાયરલ વીડિયોમાં પૂરના ભયાનક પાણી વચ્ચે પરિવારના ત્રણ સભ્યો જોખમમાં ઘેરાયેલા દેખાતા હતા. જોકે, પરિવારના ત્રણેય સભ્યો સુરક્ષિત રીતે બચી ગયા છે. પાણીના ભારે પ્રવાહ સામે મકાનની આવી મજબૂતી જોઈને લોકો સોશિયલ મીડિયા પર તેની ઈજનેરી કૌશલ્યના વખાણ કરી રહ્યા છે. એક યુઝરે તો રમૂજમાં કહ્યું કે આ ઘર બનાવનાર આર્કિટેક્ટને "નેપાળ રત્ન" એવોર્ડ આપવો જોઈએ. આ ભયાનક કુદરતી આફતમાં ૫૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે, ત્યારે આ લીલા મકાનનો બચાવ લોકો માટે એક અદ્ભુત ચમત્કાર સમાન બની ગયો છે.

